# રજા પગારના રૂપીયા બે વાર લઈ છેતરપિંડી આચરતાં બે સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૨૨

રાજયના પોરબંદરની મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં જે તે સમયના આચાર્ય દ્વારા નિવૃત બાદ પણ માત્ર દોઢ વર્ષના ટુંકા સમયમાં બે વાર રજા રોકડના રૂપાતરના બીલો રજુ કરી આર્થિક લાભ લઈ છેતરપિંડી આચરી હોવાનું સામે આવ્યું છે. ત્યારે ગાંધીનગરની ઉચ્ચ શિક્ષણ નિયામક કચેરીના નાયબ નિયામકે તત્કાલીન આચાર્ય અને ઈન્ચાર્જ આચાર્ય સામે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના જુના સચિવાલય ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી ખાતે નાયબ નિયામક તરીકે ફરજ બજાવતા હેમંતકુમાર કનૈયાલાલ ઉપાધ્યાય દ્વારા ફરીયાદ નોંધાવવામાં આવી છે. ઉચ્ચ શિક્ષણની કચેરી દ્વારા ગ્રાન્ટેડ કોલેજોના પગાર ભથ્થા અંગેના બિલોના ચુકવણા કરવાની કામગીરી કરવામાં આવે છે. પોરબંદરની ગુરુકુળ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના પ્રિન્સીપાલ દેવેન્દ્રકુમાર મુકુંદરાય આચાર્ય (રહે. રો હાઉસ નં.૩ સન સ્પોટ ગોવિદધામની પાછળ બોડકદેવ અમદાવાદ) ગત તા.૧૪-૯-૧૧ ના રોજ નિવૃત થયા હતા. જેને પગલે કોલેજ દ્વારા તાત્કાલીક પ્રિન્સીપાલ દેવેન્દ્રકુમારના રજા રોકડ રૂપાંતરના બીલો તા.૧૬-૯-૧૧ ના રોજ ઉકત કચેરીએ મોકલી આપવામાં આવ્યા હતા. આ બીલની ચકાસણી કરી કચેરી દ્વારા તા.૫.-૩.-૧૧ ના રોજ બિલની પુર્તતા કોલેજને પરત મોકલી આપી હતી. ત્યારબાદ કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડો. જે.એ.ભટ્ટે બીલની વાંધા પૂર્તતા કરી પાછા મોકલી આપતા જરુરી ચકાસણી કરીને બિલ મંજુર કરી દેવાયુ હતું. તેમ છતા ફરીથી કોલેજ દ્વારા દેવેન્દ્રકુમાર મુકુંદરાય આચાર્યના નામનુ રજા રોકડ રૂપાંતરનું બીલ વર્ષ ૨૦૧૩ માં કચેરીને મોકલી અપાયુ હતું. તેને પણ મંજુર કરી રૂ.૮.૨૪ લાખથી વધુનો ચેક દેવેન્દ્રકુમારના ખાતમાં જમા થયો હતો. ત્યારબા ઉકલ બિલની રકમ વિલંબથી ચુકવવા અંગે વાંધો ઉઠાવી વ્યાજ લેવા તેમજ પીએફ ઉપર પણ વ્યાજ મેળવવા માટે દેવેન્દ્રકુમારે હાઈકોર્ટમાં અરજી કરી હતી. જેને પગલે હાઈકોર્ટ વર્ષ ૨૦૧૮માં રજા રોકડ રૂપાંતર બિલ પેટે ચટકા વજ્જા ચુકવવા તેમજ જીપીએફ ચુકવ્યા તારીખ સુધીનું વિલંબીત વ્યાજદ ચુકવવા હુકમ કર્યો હતો. ત્યારે કેસની સુનવણી દરમિયાન અત્રેની કચેરીના ધ્યાને આવેલ કે કોલેજ દ્વારા દેવેન્દ્રકુમાર આચાર્યનું બે વાર બીલ રજુ થયેલ છે. આમ આર્થિક લાભ મેળવવા માટે સમગ્ર કૌભાડ સામે આવતા દેવેન્દ્રકુમાર અને ડો.જે.એ.ભટ્ટ સામે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



આ આરોપીને સખત આર્થિક દંડ કરો ભરી શકે તેમ ન હોય તો લોન આપો...!!



હાઈકોર્ટના પ્રથમ મહિલા જજ સોનીયાબેન ગોકાણીની હાઈકોર્ટના ચીફ જસ્ટીસ તરીકે નિમણૂક કરાતા ગાંધીનગર ના યુવા વકીલ ભગીરથ માંડલીયા દ્વારા ચીફ જસ્ટીસની શુભેચ્છા મુલાકાત કરી શુભકામના આપી.



શાળાના આચાર્ય બેન તથા શાળા ના બુલબુલ સ્કાઉટ ગાઈડ ઓફિસર હેતલબેન દેસાઈ અને નીલમબેન પટેલ ના માર્ગદર્શન હેઠળ આજરોજ (તારીખ ૨૨/૨/ ૨૩ બુધવાર) વિશ્વ સ્કાઉટ એન્ડ ગાઈડ દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં ગાઈડર વિદ્યાર્થીની બહેનોએ સ્કાઉટ એન્ડ ગાઈડની માહિતી,આરોગ્ય માટે પ્રાથમિક સારવાર, અવનવી રસાની ગાંઠો, સ્વચ્છતા અને સફાઈ જેવી વિવિધ પ્રવૃતિઓ અને સ્પર્ધાઓ માં વિજેતાઓ ને પ્રમાણપત્ર આપવા માં આવ્યા. શાળા પરિવાર આયોજક સંચાલક નીલમબેન તથા બુલબુલ ગાઈડર ને અભિનંદન પાઠવે છે.

## સરગાસણ અટ્રીયા કોમ્પ્લેક્ષ દ્વારકેશ પાર્લરની સામેથી બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરમાં વાહનચોરી અટકવાનું નામ લેતી નથી. શહેરમાંથી આંતરે દિવસે વાહનચોરીની કિસ્સા પોલીસ ચોંપડે નોંધાય છે. ત્યારે શહેરમાંથી વધુ એક બાઈક ચોરીનો કિસ્સો સામે આવ્યો છે. શહેરના સરગાસણ અટ્રીયા-બી કોમ્પ્લેક્ષમાં દુકાન નં.૮ દ્વારકેશ પાર્લર પાસેથી હીરો સ્પ્લેન્ડર બાઈકની ચોરી થવા પામી છે. સેકટર-૭ પોલીસ મથકે યુવકે રૂ.૪૦ હજારના બાઈક ચોરી અંગે ગુનો નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ ચોટીલા નજીક મોરસલ ગામનો અને હાલ સરગાસણ કેપીટલ ફલોરા ખાતે રહેતા ગોપાલ ભોટાભાઈ સરૈયા સરગાસણ ચોકડી પાસે અટ્રીયા કોમ્પ્લેક્ષમાં દ્વારકેશ પાર્લર ખાતે ચા ની કીટલી પર નોકરી કરે છે. યુવક પાસે વર્ષ ૨૦૨૦ મોડલનું સ્પેલન્ડર બાઈક નં. જી.જે.-૧૩.એ.ક્યુ.-૨૪૬૪ હતું. બાઈકનો ઉપયોગ નોકરી જવા આવવા માટે કરતો હતો. ત્યારે ગોપાલ ગત તા.૨૧ ના રોજ સવારે કેપીલટ ફલોરાથી નીકળી ચા ની કીટલી પર નોકરી પર આવ્યો હતો. દ્વારકેશ પાન પાર્લરની સામે બાઈક પાર્ક કર્યું હતું. જયારે દુકાનનું કામ પુરુ કરીને બપોરે બાઈક પાર્ક કરેલી જગ્યા પર લેવા જતા ન હતું. જેથી શેઠ સાથે મળીને સરગાસણના આસપાસના વિસ્તારમાં બાઈકની શોધખોળ આદરી હતી પરંતુ બાઈક ન મળી આવતા આખરે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી.

## શ્રવણા-અમૃત ફલેટમાંથી વિદેશી દારૂની ૪૮ બોટલ ઝડપાઈ

ગાંધીનગર,તા.૨૨

સેકટર-૨૫ જીઆઈડીસી થી કોલવડા તરફ જતા માર્ગ પર શ્રવણા-અમૃત ફલેટમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે એરફોર્સનો કર્મચારી ઝડપાયો છે. પોલીસે વિદેશી દારૂની ૪૮ બોટલ કિં.૩૨,૩૪૦ ની કિંમતની કબ્જે કરી આરોપી સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર પોલીસની હદમાં વિદેશી દારૂનું છુટક વેચાણ થઈ રહ્યું હતું. જેથી બાતમીને પગલે પોલીસે વિદેશી દારૂનો જથ્થો પકડી પાડી વધુ તપાસ હાથ ધરી હતી. જેમાં એલસીબીની ટીમ પેટ્રોલીંગમાં હતી તે સમયે બાતમી મળી હતી કે આસારામ આશ્રમ સામે આવેલા શ્રવણ અમૃત હાઈટ્સ માં રહેતા બલમીતકુમાર મિશ્રા મકાનમાં વિદેશી દારૂ રાખી છુટક વેચાણ કરી રહ્યો છે. જેથી બાતમીવાળી જગ્યા પર પોલીસ ત્રાટકી હતી. ફલેટ નં.સી-૩૦૬ ખાતે જઈને બલમીત કુમારને પકડી પાડી પુછપરછ કરતા તે એરફોર્સ સિલેકશન બોર્ડ સેકટર-૨૫ ખાતે મેસમાં નોકરી કરતો હોવાનું ધ્યાને આવ્યું છે. પોલીસે ઘરમાં તપાસ કરતા ડ્રોઈગ રૂમમાં જ પલંગની બાજુમાં વાદળી કલરના થેલામાંથી પ્લાસ્ટીકના થેલામાંથી ૧૨ નંગ કાચની અને પ્લાસ્ટીકની બોટલ કબ્જે કરી પેથાપુર પોલીસ મથકે ગુનો નોંધાવી આગળની તપાસ હાથ ધરી હતી.

## મહિલા સશક્તિકરણ તરીકે "મહિલા આત્મ સુરક્ષા તાલીમ" જી૨૦ અંતર્ગત કાર્યક્રમ



ગાંધીનગર, તા.૨૨

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજન એકમ દ્વારા જી ૨૦ અંતર્ગત કાર્યક્રમ અને માનનીય રાજયપાલશ્રીનાં આહવાન આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત અમૃત મહોત્સવમાં યુવાઓનું સંકલ્પ શ્રેષ્ઠ ભારતના પાંચ પ્રકલ્પ અંતર્ગત આજુ બાજુની શાળાઓની બહનોને આત્મા સુરક્ષાની તાલીમ અપાઈ રહી છે જેના રાસેયોનાં સ્વય સેવકો શાળાની બહનોને પાંચ દિવસીય તાલીમ આપી રહ્યા છે સ્વય સેવકો બહનોને શારીરિક યોગ્યતા વધારવા માટેની માહિતી પણ આપી રહ્યા છે અને મહિલા મજબુત તો ગામ અને સમાજ મજબુતન મંત્ર સાથે આ કાર્યક્રમનું સંચાલન કરવામાં આવી રહ્યો છે રાષ્ટ્રીય સેવા યોજન એકમનાં શ્રી પ્રતિક ભટ્ટ પોતે નિષ્ણાત તરીકે આ તાલીમ તેમની શાળામાં જઈ આપી રહ્યા છે હાલમાં સાદરા ગામની શાળામાં આ આયોજન ચલાવવામાં આવી રહ્યો છે તેમની આ બિરદાવવા જેવી કામગીરી માટે શાળાની પ્રાચાર્યા ડૉ. રંજન બેન પટેલે પણ શ્રી પ્રતિકભાઈ ભટ્ટને ખુબજ શુભેચ્છા આપી હતી તેમની સાથે લીડર ખંજન મકવાણા અને શ્રી ચિરાગ ઓડ પણ શાળાઓમાં જઈ તાલીમ આપવામાં મદદ કરી રહ્યા છે ડીનશ્રી તરીકે ડૉ. જગદીશચંદ્ર સાવલિયાએ સ્વય સેવકોને જરૂરી માર્ગદર્શન અને પ્રોત્સાહન આપ્યું હતું કાર્યક્રમમાં મેન્ટરની ભૂમિકા સંસ્થાના રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટની રહી હતી

## ગાંધીનગર શહેર દશનામ ગોસ્વામી સમાજનો સ્નેહમિલન અને ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર,તા.૨૨

ગાંધીનગર શહેર દશનામ ગોસ્વામી સમાજનો સ્નેહમિલન અને ઈનામ વિતરણ કાર્યક્રમ આગામી તા.૨૫ ફેબુઆરીને શનિવારના રોજ સાંજના ૫ કલાકે સેકટર-૧૬ રંગમંચ ખાતે યોજાશે. આ સમારંભના ઉદઘાટક તરીકે અજીતસિંહ. એ.ગોહિલ (પ્રમુખ શ્રી ઈન્ડીયન એસોસીએશન ઓફ લોયર) અને સમાજના અગ્રણી સંજયગીરી કેશવગીરી ગોસ્વામી ઉપસ્થિત રહેશે. જયારે ગાંધીનગર શહેર દશનામ ગોસ્વામી સમાજના સ્નેહ મિલન અને ઈનામ વિતરણ કાર્યકમમાં તમામ જ્ઞાતિબંધુઓને સહ પરિવાર પધારવા માટે સમાજના પ્રમુખ સંજયગીરી ગોસ્વામીએ અનુરોધ કર્યો છે.

## સે-૧૬ ખાતે ગટરના ઢાંકણાની ચોરી

ગાંધીનગર,તા.૨૨

ગાંધીનગર શહેરના સેકટર-૧૬ માં ગટરના ઢાંકણાની ચોરીના કિસ્સા દિન પ્રતિદિન વધી રહ્યા છે. ગટરના ઢાંકણની ચોરીને પગલે વસાહતીઓમાં ચિંતામાં મુકાયા છે. લોખંડના વજનદાર ઢાંકણ ચોરી થતા સ્થાનિક સેકટરમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે.

જયારે સેકટરમાં ખાસ રહેણાંક વિસ્તાર ન વધતા ચોરીનો ઉપદ્રવ વધી જવા પામ્યો છે.ચોર શખ્સો રાત્રીના સમયે એસી કોપરની પાઈપોની પણ ચોરી કરી પલાયન થઈ જાય છે. પરંતુ સામાન્ય ચોરી સમજી સ્થાનિક વસાહતીઓ ફરીયાદ ન નોંધાવતા ચોર શખ્સોને મોકળુ મેદાન મળી ગયું હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે સેકટર-૧૬ ખાતે વધતી ચોરીને પગલે પેટ્રોલીંગ વધારમાં આવે તેવી પણ લોકમાંગ ઉઠવા પામી છે.

## સેકટર-૨૪ ખાતે મહિલાની નજર ચુકવી થેલીમાંથી પર્સની ચોરી

**પર્સમાં મોબાઈલ ફોન, આધારકાર્ડ, રોકડ, ઘરની ચાવી મળી કુલ રૂ.૧૫,૭૦૦ ની મત્તાની ચોરી**

ગાંધીનગર, તા.૨૨

શહેરના સેકટર-૨૪ બોમ્બે ફુટવેર દુકાનમાં મહિલા પગરખા ખરીદી કરી બિલ આપવા કાઉન્ટર પર ગયા હતા. તે સમયે મહિલા પાસે રહેલી થેલીમાં નાનુ પાકિટ ગાયબ હતું. જે પાકીટમાં વિવો કંપનીનો મોબાઈલ ફોન, જરુરી કાગળો અને રોકડા રૂ.૧૭૦૦ સહિત રૂ.૧૫,૭૦૦ ના મુદ્દામાલની ચોરી થતા સેકટર-૨૧ પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાંદેસણ ગામ સત્યમેવ રીવેરા ખાતે રહેતા હિતેનકુમાર અમરકુમાર ચૌહાણ વડનગર પોલીટેકનીક કોલેજ ખાતે પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે. તેઓની પાસે વીવો કંપનીનો રૂ.૧૪ હજારની કિંમતનો મોબાઈલ ફોન હતો. તે ફોનનો ઉપયોગ તેમની માતા કરતા હતા. ગત તા.૨૧ ફેબુઆરીના સાંજના આશરે સાડા સાત વાગે સેકટર-૨૪ બોમ્બે ફુટવેર દુકાન ખાતે પગરખા ખરીદી માટે ગયા હતા. તે સમયે તેઓની માતા પાસે એક થેલી હતી.

જેમાં એક નાનુ પર્સ હતું.જેમાં વીવો કંપનીનો મોબાઈલ ફોન, ઘરની ચાવી, રોકડા રૂ.૧૭૦૦, આધારકાર્ડ સહિતની ચીજવસ્તુ હતી. જયારે બીલની ચુકવણી માટે ફરીયાદીના માતા ગયા હતા. તે સમયે તેઓને જાણ થઈ કે થેલીમાંથી નાના પર્સની ચોરી થવા પામી છે. કોઈ અજાણી વ્યકિતએ ભીડભાડમાં નજર ચુકવી કાઢી લીધુ હશે.બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

● આજે ગાંધીનગર જિલ્લા અસરગ્રસ્ત ખેડૂતોની ભારતમાલા પ્રોજેકટની બેઠકમાં રજુઆતો સાંભળી નેશનલ હાઈવે ઓથોરીટીના અધિકારીઓ પણ ચોંક્યા હતા.

● ગાંધીનગર નજીક ઈફકો ખાતે પ્રાકૃત્તિક ખેતી અંગે અધિકારીઓની તાલિમ યોજાઈ હતી.

● ગુજરાત વિધાનસભા ખાતે કામકાજ સલાહકાર સમિતિની બેઠક યોજાઈ હતી.

● આજે ભાજપ-કોંગ્રેસ પક્ષના સભ્યોની બેઠક પણ ગાંધીનગરમાં યોજાઈ હતી.

● ગાંધીનગર સે. ૨૨માં પંચદેવ મંદિરના પ્રાંગણમાં આનંદનો ગરબો યોજાયો હતો.

● સેન્સેકસમાં આજે ૯૨૭ પોઈંટનો કડાકો બોલતા નગરના રોકાણકારોમાં નિરાશાનું મોજુ ફરી વળ્યુ હતુ.

● કલોલના નારદીપુર ગામેથી એલ.સી.બી.એ ૯૪ હજારની મત્તાનો દારૂ પકડ્યો છે.

● કોલવડા ગામના રહેણાંકમાંથી પોલીસે વિદેશી દારૂ સાથે એક ઈસમને પકડી પાડ્યો છે.

● સે. ૨૪માં એક દુકાનમાં મહિલાની નજર ચુકવી પર્સ ચોરી ગઠિયો રફુચક્કર થયાની ઘટનાએ ચકચાર જગાવી છે.

● ગાંધીનગરના રાધવ પાર્ટી પ્લોટમાંથી ગઠિયો એકટીવા ચોરી રફુચક્કર થયાની ઘટના પોલીસમાં નોંધાઈ છે.

● ધણપ ગામે પોલીસે જુગાર રમતા બે ઈસમોને ઝડપી લીધા છે.

● મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ ગુજરાત વિદ્યાપીઠ ખાતે માતૃભાષા દિવસની ઉજવણી કરાઈ હતી.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. શહેરમાં કોરોના પ્રિકોશન ડોઝ અભિયાનમાં ૪ લાભાર્થીને આવરી લેવામાં આવ્યા હતા.

● પાલજમાં એન.એસ.એસ. કેમ્પનું આયોજન કરાયુ હતુ.

● કોબા સ્વામિનારાયણ મંદિર ખાતે પાટોત્સવની ઉજવણી ધામધૂમથી કરાઈ હતી.

● શિક્ષણખાતાના નિવૃત્ત અધિકારીઓની બેઠક સે. ૧૨ જીસીઈઆરટી ભવન ખાતે યોજાઈ હતી.

● કલોલમાં ગ્રાહક જાગૃત્તિ અભિયાનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

● ગાંધીનગરમાં બેવડી ઋતુને કારણે વાઈરલ ફિવરના કેસ વધ્યા છે અને વાઈરલ બિમારીમાં બાળકો વધુ સપડાઈ રહ્યાનું જાણવા મળેલ છે.

## રાયસણ ખાતે શ્રી લીંબોજમાઁ નો રૂડા અવસર ૧૦૮ કુંડી મહાયજ્ઞ યોજાયો

શ્રી લીંબોજ માતાજી સેવકગણ પરિવાર રબારી સમાજ-ગુજરાત દ્વારા આયોજિત "શ્રી લીંબોજમાઁ નો રૂડા અવસર ૧૦૮ કુંડી મહાયજ્ઞ" પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા શ્રી લીંબોજ માતાજી મંદિર, રાયસણ ખાતે હાજર રહી માતાના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા તથા આ ભવ્ય આયોજન બદલ સર્વે આયોજકોને શુભ કામનાઓ પાઠવી હતી. આ શુભ પ્રસંગે મંત્રી જગદીશભાઈ પંચાલ, ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય અલ્પેશભાઈ ઠાકોર, સમાજના આગેવાનો તેમજ મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

## સરકારી આર્ટસ કોલેજ ખાતે સ્વસ્થ રહેવાના ફાયદા અને સ્વાસ્થ્ય પ્રાપ્તિમાં જાડા અનાજની ભૂમિકા પર વ્યાખ્યાન

ગાંધીનગર, તા.૨૨

આંતરરાષ્ટ્રીય મિલેટવર્ષ ૨૦૨૩ ના ઉપલક્ષ્યમાં સ્ત્રી ચેતના ગાંધીનગર દ્વારા સરકારી આર્ટસ કોલેજ ગાંધીનગર સેક્ટર ૧૫ ખાતે "સ્વસ્થ રહેવાના ફાયદા અને સ્વાસ્થ્ય પ્રાપ્તિમાં જાડા અનાજની ભૂમિકા" પર એક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વક્તા તરીકે જાણીતા ડાયટેશન રાજેશ્રી કાજલે તથા ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ખૂબ જ સરળ ભાષામાં સારા સ્વાસ્થ્ય માટે કયા પ્રકારના આહારની પસંદગી કરવી તેની સમજ આપી તેમજ આહારમાં પોષણ મૂલ્ય વધારવા મિલેટ્સ (તૃણ ધાન્ય) ને કેવી રીતે




સમાવિષ્ટ કરવા એ અંગે વિવિધ વ્યંજનો ના ઉદાહરણ દ્વારા સમજ આપવામાં આવી હતી. વક્તવ્યના અંતે પ્રશ્નોત્તરી દ્વારા વિષયને અનુરૂપ ખોરાક અંગેની ખોટી માન્યતાઓ ને દૂર કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં કોલેજના વિદ્યાર્થીઓ તથા સ્ટાફ મિત્રો તેમજ સ્ત્રી શક્તિ ગાંધીનગર ના અધ્યક્ષ પલ્લવીબેન ગુપ્તે, વિદ્યાબેન પસારી, હર્ષાબા ધાંધલ, ડૉ.નેનસીબેન ગુપ્તે એ હાજર રહી આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## શ્રી રંગઅવધૂત મહારાજની ૧૨૫મી જન્મ જયંતિની ઉજવણીનું આયોજન

ગાંધીનગર, તા. ૨૨

શ્રી રંગઅવધૂત મહારાજની ૧૨૫મી જન્મજયંતિ અંતર્ગત અને ગાંધીનગર રંગઅવધૂત પરિવારના ૪૫મા સ્થાપના દિન નિમિત્તો શ્રી રંગઅવધૂત મહારાજ લેખિત 'અવધૂતી આનંદ'ના ૧૨૫ ભજનનો કાર્યક્રમ નિચની વિગતે દત્તમંદિર, સોકટર-૨૮ ગાંધીનગર ખાતે તા. ૨૩ થી ૨૫ દરરોજ બપોરે ૩ થી ૬ દરમ્યાન રાખેલ છે.

## NFSU ફોરેન્સિક સાયન્સ ક્ષેત્રે કૌશલ્યયુક્ત તજજ્ઞોનું માનવબળ કરી વિશ્વને સલામત બનાવવા માટે કટિબદ્ધ: ડૉ. જે.એમ. વ્યાસ

ગાંધીનગર, તા.૨૨

ધ ઈન્ટરનેશનલ એસોસિએશન ઓફ એન્ટી-કરપ્શન ઓથોરિટીઝ (IAACA), હોંગકોંગ દ્વારા બે દિવસીય 'IAACA ઓનલાઈન ટ્રેનિંગ પ્રોગ્રામ'નું આયોજન કરવામાં આવ્યું છે. જેના ઉદ્‌ઘાટન સત્રમાં બુધવારે નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (NFSU)ના કુલપતિ, પદ્મશ્રી ડૉ. જે.એમ. વ્યાસે ૧૫૦થી વધુ દેશોના એન્ટી-કરપ્શન (લાંચ-રુશ્વત) ક્ષેત્રે કાર્ય કરતાં રેકોર્ડ બ્રેકિંગ ૧૦૦૦થી વધુ અધિકારીઓને ફોરેન્સિક સાયન્સનું મહત્ત્વ તથા લાંચ-રુશ્વત અને તે સંબંધિત કેસોમાં ફોરેન્સિક સાયન્સની ઉપયોગિતા અંગે ઓનલાઈન માહિતી આપી હતી. આ પ્રસંગે શ્રી પી.કે.શ્રીવાસ્તવ, સેન્ટ્રલ વિજિલન્સ કમિશનર, નવી દિલ્હી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (NFSU)ના કુલપતિ, પદ્મશ્રી ડૉ. જે.એમ. વ્યાસે જણાવ્યું હતું કે ભારતના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દૂરંદેશીના પરિણામે વિશ્વની સૌપ્રથમ અને એક માત્ર ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી-NFSUની



સ્થાપના ભારતના ગુજરાત રાજ્યમાં કરવામાં આવી છે. NFSU ફોરેન્સિક સાયન્સ ક્ષેત્રે કૌશલ્યયુક્ત તજજ્ઞોનું માનવબળ તૈયાર થાય કરીને વિશ્વને સલામત અને સુરક્ષિત બનાવવામાં મદદરૂપ થવા માટે કટિબદ્ધ છે. અત્યાર સુધીમાં વિશ્વના ૭૨થી વધુ દેશોના ૫,૦૦૦થી વધુ અધિકારીઓને NFSU દ્વારા ફોરેન્સિક સાયન્સની તાલીમ આપવામાં આવી છે. વર્ષ-૨૦૦૯માં પાંચ અભ્યાસક્રમ સાથે શરૂ થયેલી આ યુનિવર્સિટી ખાતે અત્યારે ૭૦થી વધુ અનુસ્નાતકથી માંડીને પીએચ.ડી. સુધીના અભ્યાસક્રમ ચાલી રહ્યા છે.


## જોઈએ છે

(ફક્ત બક્ષીપંચ માટે)

ગુજરાત આહીર કેળવણી મંડળ રાજકોટ સંચાલિત આહિર વિદ્યાર્થી ભવન ઈન્કવાયરી ઓફિસની બાજુમાં, ગ-રોડ, સેક્ટર-૧૫, ગાંધીનગર બક્ષીપંચ છાત્રાલય ગાંધીનગર માટે નીચેની વિગતે ભરતી કરવાની હોય તો જાહેરાતના દિવસથી દિવસ દસમાં રજીસ્ટર એડીથી ઉપરોક્ત સરનામા ઉપર અરજી કરવી.

| જગ્યાનું નામ | લાયકાત | ઉંમર વર્ષ |
|---|---|---|
| ગૃહપતિ - ૧ | ગ્રેજ્યુએટ અને અનુભવ જરૂરી | ૨૧ થી ૪૦ |
| ચોકીદાર - ૧ | ધો.૮ પાસ | ૧૮ થી ૪૦ |
| રસોયા - ૧ | અક્ષર જ્ઞાન હોવું જરૂરી | ૧૮ થી ૪૦ |

ચેરમેન
શ્રી ગુજરાત આહીર કેળવણી મંડળ


## ગાંધીનગર જિલ્લા શહેરના રાજપૂત સમાજના દિકરા - દિકરીઓએ સ્પર્ધાત્મક પરીક્ષા પ્રવેશ માટે

ગાંધીનગર, બુધવાર

ગાંધીનગર શહેર અને જિલ્લાના રાજપૂત સમાજના શિક્ષિત દિકરા - દિકરીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે રાહત દરે કોચીંગ ક્લાસનું રાજપૂત ભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

આ ક્લાસમાં પ્રવેશ માટે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૦ માર્ચ ૨૦૨૩ સુધીમાં પ્રવેશ મેળવવા ઈચ્છા ધરાવતા દિકરા - દિકરીઓએ ભવનના ટેલિફોન નંબર ૦૭૯ - ૨૩૨૩૮૭૭૮ તેમજ સમાજના હોદ્દેદારોના સંપર્ક નંબર આપવામાં આવ્યા છે. તેના પર પોતાનું નામ નોંધાવવા જણાવાયું છે.

સંપર્ક નંબર :
(૧) ૯૬૦૧૦ ૬૪૦૯૬
(૨) ૯૭૨૫૭ ૪૦૩૯૯
(૩) ૯૪૨૮૨ ૧૭૨૬૮

ઉપર સમયસર નામ નોંધાવી પ્રવેશ મેળવી લેવો. આ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે પ્રાધ્યાપકો દ્વારા સમાજના દિકરા - દિકરીઓ સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળ થાય તેવું પ્રેક્ટીકલ જ્ઞાન પણ આપવામાં આવશે. ★★★